# નિવેદન

આ નવલકથા છે, નાટક નથી. છતાં પરંપરાગત નવલકથાની જેમ અહીં કોઈ પ્રકારનાં વર્ણનો નથી. બલકે આખી નવલકથા સંવાદો દ્વારા રજૂ થઈ છે. આ કારણસર થોડા શબ્દોમાં ભાવ તીવ્ર ઘૂંટી શકાયો છે. વર્ણનો અલબત્ત, ભાવને ઉપસાવવામાં નવલકથામાં મદદરૂપ થાય જ છે, પણ અહીં એવી જરૂર લાગી નહીં. આ પ્રકારની, ફક્ત સંવાદો દ્વારા રચાયેલી નવલકથા ગુજરાતીમાં આ પહેલી જ છે. પશ્ચિમમાં પણ આવા પ્રયોગો થોડા જ થયા છે, ખાસ કરીને મૅન્યુઅલ પ્યુગે ('કિસ ઑફ ધ સ્પાઇડર વુમન) સ્પેનિશ ભાષામાં કર્યા છે.

'સપ્તપદી' વિશે થોડી માહિતી અહીં આપવી ઉચિત લાગે છે. આમ એક સત્યઘટના પર આધારિત છે, પણ મોટા ભાગના પ્રસંગો કલ્પિત છે અને પાત્રાલેખન પણ. અમેરિકા લગ્ન કરીને જતી ગુજરાતી યુવતીઓ કોઈ વાર કેવી કફોડી સ્થિતિમાં મુકાઈ જાય છે એ વિશે તો ઘણી માહિતી છાપાં, મૅગેઝિનોમાં આવી ચૂકી છે. આ નવલકથા પણ આવી જ એક યુવતી વિશે, શ્વેતા વિશે છે. પણ શ્વેતા મૉડર્ન યુવતી છે એટલે એ ભાગ્યને દોષ દઈ સંજોગવશ થાય કે તદ્દન હતાશ થઈ આત્મઘાત કરે એવી નથી. એ શક્ય છે તેટલું અને પોતાના સંસ્કારોને અનુરૂપ રહે એ રીતે લડી લેવાનો મિજાજ ધરાવે છે. એને સાથ આપનારાં છે ધવલ અને વિભા અને મિ. વિલિયમ્સ અને મિ. સ્મિથ. 'બે પાત્રો ખૂબ મહત્ત્વનાં, પણ નેપથ્યમાં રહેનારાં છે, અને તે શ્વેતાની મમ્મી અને એનો વર કિરીટ. આમ સાત મુખ્ય પાત્રોની આ નવલકથા છે. બાકીનાં પાત્રો મહત્ત્વનાં, પણ ગૌણ છે.

'સપ્તપદી' એ હિંદુ લગ્નજીવનમાં પગલાં પાડનારે હૃદયથી કરેલી ખૂબ જ મહત્ત્વની પ્રતિજ્ઞા છે. છતાં આપણા ધાંધલિયા લગ્નસમારંભોમાં આ પ્રતિજ્ઞા ગોરમહારાજ જ બોલી જતા હોય

છે. જે પ્રતિજ્ઞા સમજીને વર-કન્યાએ લેવાની હોય છે તે ખરેખર તો એમને કાનેય પડતી નથી. અને આ ફરિયાદ આજકાલની નથી, 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં પણ કુમુદ-મોહિનીના સંવાદમાં આ સૂર સંભળાય છે (આવૃત્તિ ૪).

સામાન્ય રીતે સપ્તપદીની પ્રતિજ્ઞા વર લે છે અને કન્યા વરને એ પ્રતિજ્ઞામાં સાથ આપવા માટે સંકલ્પ કરે છે. આમ તો આ પ્રતિજ્ઞાઓ મેળવવી પણ અઘરી પડે છે, પણ આપણા ત્રણ મહાન સાહિત્યકારોએ એને પોતાની રીતે રજૂ કરી છે, જે અહીં અવતરણ રૂપે મૂકી છે. વાચકોને એ ગમશે, એટલું જ નહીં, પણ આ ત્રણ સાહિત્યસર્જકો ને વિચારકોના વિચારભેદને પણ સરસ રીતે એ માણી શકશે.

છેલ્લે, એટલું જ કે આ સપ્તપદીની પ્રતિજ્ઞાઓ પાળવા વિશેની નવલકથા નથી, પણ કેટલાંક લગ્નમાં એનો કેવી રીતે જાણી કરીને સભાનતાથી સિસ્ટમૅટિકલી સચોટ રીતે વિચ્છેદ થાય છે એની નવલકથા છે.

શ્રી હરીન્દ્ર દવે તથા શ્રી નવભારત સાહિત્ય મંદિર પરિવારનો આના પ્રકાશન બદલ હું આભારી છું.

**– પ્રકાશ ત્રિવેદી**

પણ એ શા માટે આવે છે?

મને ખબર નથી.

અને તે પણ વળી કેમ આપણે ત્યાં? એને એનું ઘર તો છે ને વર પણ છે!

એ પણ ખબર નથી.

તો પૂછતાં શું તકલીફ પડી? મારે પેલાને જણાવવાનું શું છે?

એનો બે જ મિનિટ માટે ફોન હતો. તે પણ વૉશિંગ્ટન ઍરપોર્ટથી. એટલું જ કહ્યું, હું બપોરના ચાર વાગ્યાની ફ્લાઇટમાં ત્યાં આવું છું. મને લેવા આવશે? મેં હા પાડી. હવે જવું જ જોઈએ ને?

તે જજે. ના કોણ પાડે છે? આમેય કહ્યા પછી ફેરવી તોળનારી તું નથી.

તારા મિત્રની જેમ?

મૂઓ એ... આને એણે કાઢી તો નથી મૂકી ને?

એ કદાચ પોતાની મરજીથી નીકળી ગઈ હોય તો? એવી શક્યતા કેમ ના વિચારીએ?

તું આખો દિવસ તારું ફેમિનિસ્ટ વાજું જ વગાડ્યા કર. મને પ્રૅક્ટિકલ વાતમાં રસ છે.

પ્રશ્ન એક જ છે... તારે સાથે આવવું છે?

ત્રણ વાગ્યે? આર યુ કિડિંગ?

ઓ.કે. સૂટ યૉર સેલ્ફ. પણ લંચમાં ઘેર આવજે.

નો વે. આઇ હૅવ થિંગ્સ ટુ ડુ હિયર. અહીં મરવાનોય સમય નથી.

ભલે. તને યાદ દેવડાવું કે આપણા બેની વચ્ચે એક જ ગાડી છે, જે અત્યારે તારી પાસે છે. મારે ગાડીનું શૉપિંગ કરવા તો નહીં નીકળવું પડે ને?

ઓકે. ઓકે. ગૉટ યૉર મેસેજ... જલદી ખવાય એવું કંઈક તૈયાર રાખજે, બસ.

તને મૂકીને થોડું શૉપિંગ તો કરવું છે.

શું લેવું છે?

આ આવશે તો એને સૂવાની સગવડ તો કરવી પડશે ને?

સૂવાની? ખરેખર આપણે ત્યાં રહેવાની છે?

મને લાગે છે કે એમના સંબંધમાં તિરાડ પડી છે. હું તને નહોતી કહેતી? કદાચ તારી મદદ લેવા આવતી હોય.

તું તો બધાની લાઈફમાં ડિસાસ્ટર જ કલ્પ્યા કરે છે.

નૉટ રિયલી... ગ્રોસરી પણ લાવવી છે.

તે લાવજે. હવે ફોન મૂક. આ ઑફિસ છે. તારી યુનિવર્સિટી નથી કે ગપ્પાં માર્યા કરાય.

ટટ ટટ ટટ! પેલી ચેકબુક?

તારી પાસે ક્રેડિટ કાર્ડ તો ઘણાં છે.

એ તો છે જ. મ્યુઝિયમ પીસ. આપણું છ મહિના પહેલાંનું રેઝોલ્યુશન?

યા, યા, ક્રેડિટ કાર્ડ ઓછાં વાપરવાનું. હું બૅન્કમાં જતો આવીશ ને ચેકબુક તૈયાર હશે તો લઈ આવીશ. નહીં તો કૅશ લાવીશ.

વેરી ગુડ. સો નાઇસ ઑફ યુ.

યુ આર ધ બૉસ.

યસ. સ્વીટ ઑફ યુ ટુ સે સો.

ઇફ ઓન્લી ઑલ વાઇવ્ઝ રેકોગ્નાઇઝ ધૅટ, ધેર વિલ બી નાઇધર ડિવૉર્સિસ નૉર વૉર્સ.

હું એટલે અંતિમે નહીં જાઉં.

બાય નાઉ!

સી યુ સૂન!!

●

મારી મમ્મી આવી ત્યારે પહેલી વાર મારી ગૂંગળામણ ઓછી થઈ.

અમે એમને જરા માટે મિસ કર્યાં, ખરું ને?

એ ગઈ ને બીજે અઠવાડિયે તમે અહીં મૂવ થયાં.

એમને મળવું અમને ઘણું ગમ્યું હોત. ઇટ વુડ હૅવ બીન સચ એ પ્લેઝર, નોઇંગ અબાઉટ હર ફ્રૉમ યુ. યુ ઑલવેઝ ટૉક અબાઉટ હર, યુ મસ્ટ બી વેરી ફ્રૉન્ડ ઑફ હર.

આઇ નો... એને પણ બહુ ગમત. એની પણ ચિંતા ઓછી થાત.

તારા વિશે ચિંતા થાય એવું તે શું છે?

ડોન્ટ બી સિલી, ધવલ! માને દીકરીની ચિંતા ના થાય?

ને બાપને દીકરાની. કહે છે કે સર ફિરોઝશાહ મહેતાના ફાધર ગુજરી ગયા ત્યારે દીકરાની બહુ ચિંતા કરતા હતા. તે વખતે ફિરોઝશાહ મુંબઈના પહેલા ભારતીય મેયર હતા.

તે હશે. એ ચિંતા જુદી જાતની.

ને માની ચિંતા જુદી જાતની.

ને દીકરી વિશેની ને દીકરા વિશેની ચિંતાઓ જુદી જુદી જાતની, ખરું ને? ચિંતાનાય કેટલા પ્રકારો પાડશો?

માની મોટી ચિંતા દીકરીની સલામતીની, એના સ્વાસ્થ્યની, એને દુઃખ ના પડે એની.

જાણે દીકરા વિશે એવી ચિંતા કરવા કોઈ નવરું જ નહીં હોય?

અલબત્ત, નહીં.

બાપની દીકરા વિશેની ચિંતા જુદી જાતની, ખરું ને શ્વેતા?

હાસ્તો. એ ક્યારે પૈસા કમાશે, ક્યારે પોતાના પગ પર ઊભો રહેશે, ક્યારે પોતાને પૈસા મોકલશે, પોતાનું નામ ઉજાળશે કે નહીં, પોતાનાં જીન આગળ ફેલાવશે કે નહીં, એને એવી બધી ચિંતા.

એટલે માની દીકરી વિશેની ને દીકરા વિશેની, બાપની પણ દીકરી વિશેની ને દીકરા વિશેની – એમ ચાર પ્રકારમાં તો આપણે ચિંતાને વહેંચી દીધી, ખરું ને? ગુડ ઍનૅલિટિકલ વર્ક.

તું હવે તારું વિજ્ઞાની હોવાનું ડહાપણ ડહોળવું રહેવા દે ને.

વિભા! તું ને શ્વેતા વાત એવી કરો છો કે જાણે મને કંઈ ખબર જ ના હોય.

તમને ખબર ના હોય એવું તો હું માનું જ નહીં, ધવલભાઈ! છતાં નહીં હોય તો થોડા માસમાં જરૂર ખબર પડશે... કૉંગ્રેચ્યુલેશન્સ!

ઓહ! થૅન્ક યુ! તને ખબર પડી ગઈ એમ ને ત્યારે?

હા મને ખબર વહેલી પડવી જોઈતી હતી, પણ હું તમારો કૉન્ટૅક્ટ ના કરી શકી.

મને થયું કે કિરીટ મારાથી બધી વાતે આગળ નીકળી જાય એ કેમ ચાલે?

શટ અપ ધવલ! ધીસ ઇઝ નો ટાઇમ ફૉર સચ જોક્સ.

કેમ કંઈ સિરિયસ રંધાઈ રહ્યું છે?

ડોન્ટ લિસન ટુ હિમ, શ્વેતા. તું કહે, તું કંઈ ગૂંગળામણની વાત કરતી હતી?

જરૂર કહે, પણ વિભા! યુ મસ્ટ પ્રૉમિસ ધેટ યુ વિલ નૉટ ગેટ એક્સાઇટેડ.

આઇ ઍમ નૉટ એક્સાઇટેડ.

ભલે, ભલે. પણ મને કેમ એમ લાગતું નથી?

સ્ત્રીઓને બે જાતની ગૂંગળામણ હોય. કુંવારા હોઈએ ત્યારે વર મળવાની ને પરણ્યા પછી વર મળ્યાની.

તું વૉશિંગ્ટન જઈ ભાષા જબરી કસી આવી છે.

ત્યાં જઈને નહીં, ધવલભાઈ! પણ અનુભવે ઘડાઈ છું. હું ડિવૉર્સ લેવા માગું છું ને કાલે કોર્ટમાં કેસ છે.

નો કિડિંગ?

યુ ડોન્ટ મીન ઇટ?

આ એકદમ શું થઈ ગયું?

તારી બેબી ક્યાં છે? સાથે કેમ ના લાવી?

બહુ બધું થઈ ગયું, પણ એકદમ નહીં. પહેલેથી સિમર થતું'તું. કિરીટે વાત નથી કરી?

ના. એ તો બે માસથી મળ્યો જ નથી. બહુ બહારગામ જતો લાગે છે.

મને ગયે ત્રણ મહિના થયા. એણે ઇશારો પણ નથી કર્યો?

એક જ વાર મૉલમાં ભટકાયો'તો. ત્યારે ગલ્લાંતલ્લાં કરતો'તો. મને તો  શંકા હતી જ કે દાળમાં કંઈ કાળું છે.

યા, એ કંઈ બોલ્યો નહીં. તારી ખબર પૂછી તો કહે એના કાકાને ત્યાં આરામ કરવા ગઈ છે. તારી કે એની મમ્મી આવી ન શકી એટલે... નૉટ રિયલી, કંઈ જ જણાવ્યું નથી એણે... તેં પણ ક્યાં કંઈ જણાવ્યું તું?

મારે તમને વાત કરવી જોઈતી હતી... કેવો ખોટ્ટાડો છે. મારી મમ્મી આવી હતી બેબીના જન્મ પછી.

હવે તું આવી છે તો મારે કહેવું જોઈએ કે અમને પૉઝિટિવલી ખોટું લાગ્યું છે.

ધવલ! સ્ટૉપ ઇટ. અમને કંઈ ખોટું નથી લાગ્યું, શ્વેતા. ધવલ યુ આર અનનેસેસરિલી ડિસ્ટર્બિંગ હર. શ્વેતા! તું એટલું જ કહે કે તારે શી મદદ જોઈએ છે?

કૅન આઇ કૉલ કિરીટ? આપણે નિવેડો લાવી દઈએ. મારું તો એ સાંભળશે જ. હું સુલેહ કરાવી દઈશ. એ શું સમજે છે એના મનમાં?

ધવલ, તું પહેલાં એની વાત તો સાંભળ.

પૈસાની બાબત છે? કે પછી નોકરી, ગાડીનો ઝઘડો છે? આખરે છે શું?

મૅરેજ કાઉન્સિલર પાસે ગયાં'તાં?

નાના મોટા એવા ઝઘડા તો થયા જ કરે ને?

પણ છૂટાછેડા સુધી વાત ક્યાંથી પહોંચી ગઈ?

તમારો એ મિત્ર છે એટલે તમારી પાસે પેટછૂટી વાત કરતાં મને સંકોચ થતો હતો. વિભા કહે છે એમ નાના ઝઘડા તો થયા કરે. એનું મારણ હોય, પણ ખરી તકલીફ થઈ ત્યારે ન કહેવાય ન સહેવાય એવું થઈ ગયું. પૈસાથી શરૂઆત થઈ એ ખરું છે, ધવલભાઈ! એ જ બધાં અનિષ્ટોનું મૂળ છે.

અર્થમનર્થ ભાવયનિત્યમ્.

શ્વેતા! ધવલને વચ્ચે વચ્ચે સંસ્કૃત, લૅટિન, ફ્રેન્ચ બોલ્યે રાખવાની ટેવ છે. એ તરફ ધ્યાન ના આપીશ ને પૂછતી તો નહીં જ કે શું બોલ્યો. નહીં તો અડધો કલાક સમજાવવામાં ગાળશે.

હું એ રીતે ફક્ત આપણા રોજિંદા સામાન્ય માનવીય પ્રસંગોને સંસ્કૃતિની મહાન ઘટનાઓ કે વિચારો સાથે જોડી દઉં છું.

બહુ ડાહ્યો.

જગત તમને માન આપશે, અરે તમારી સાસુ પણ તમને મહાન ગણશે, પણ તમારી પત્ની... એની નજરમાં તમે વામણા જ રહેવાના... આ વાત દરેક પતિએ પોતાના મનમાં કોતરી રાખવી જોઈએ.

ધવલભાઈ બહુ રમૂજી છે. એટલે જ અમને અહીં દોડી આવવાનું મન થતું. અમારું ટેન્શન ઓછું થતું. કિરીટમાં જો સેન્સ ઑફ હ્યુમર હોત તો આ સ્થિતિએ ન પહોંચ્યાં હોત. એ બધું જ ગંભીરપણે લેતો'તો ને કોઈનામાં વિશ્વાસ મૂકતો નહોતો. મારામાં પણ નહીં.

જરા વિગતે સમજાવે તો સારું.

ક્યાંથી શરૂ કરું એ જ સમજાતું નથી. પહેલાંનું હરિયાળું વન ક્યારે સુકાયું ને ક્યારે એમાં તણખો ઝર્યો ને આગ લાગી તે કેવી રીતે યાદ કરું? બધું બહુ જ જલદી થઈ ગયું.

અમને કોઈ વાર શંકા પણ ના થઈ!

મોટા ઝઘડાની વાત કહેતાં કિરીટની બહુ બદનામી થાય એમ મને લાગતું. નાની વાતો શું ઉખેળ્યા કરવી? મને એમ હતું કે બહુ બાજી સુધારી શકીશ. હું એને ચાહવા પણ લાગી હતી, એક પત્ની પતિને ચાહે એમ. એટલું શું બસ નહોતું?... વેલ... તમે તો અમારું ઍપાર્ટમેન્ટ જાણો છો. અમારા બેડરૂમ ને બાથરૂમની દીવાલની બહાર ટપાલપેટીઓ આવી છે એ અમારા ઝઘડાનું પહેલું કારણ.

એટલે ઝઘડો બહારથી અંદર આવ્યો, એમને?

એમ જ. સવારે દસેક વાગ્યે ટપાલી આવતો. એ પોતાની માસ્ટર કીથી બધાં ખાનાં ખોલે, એમાં ટપાલ નાખે ને ચાલ્યો જાય. હવે કિરીટ મને અમારા ટપાલના ખાનાની ચાવી આપવાની ના પાડે. પહેલાં પહેલાં બીજી કી કરાવી આપીશ, ખોવાઈ જશે, એવાં બહાનાં કાઢ્યાં. એક વાર બહુ બોલાચાલી થઈ – મને ખોટું લાગ્યું હતું કે આટલી નાની બાબતમાં શેનો અવિશ્વાસ રાખે છે? - ત્યારે એણે મને રોકડું પરખાવી દીધું. ચાવીની આશા ના રાખતી. એ જ આવીને ખાનું ખોલી ટપાલ લેશે અને એમાંથી મને જે બતાવવા જેવી હશે તે જ બતાવશે.

એવું ગાંડા જેવું શા માટે? એક ડૉલરમાં તો બીજી ચાવી થઈ જાય.

એની જ તો રામાયણ હતી ને! કિરીટને કોઈ કારણસર એ ચાવી આપવી જ નહોતી.

વૉટ નૉનસેન્સ!

મેં પણ નક્કી કર્યું કે હું એમ સહેલાઈથી માની નહીં જાઉં. આથી ટપાલી ખાનાં ખોલે ને એનો અવાજ આવે કે હું બહાર દોડી જાઉં. એ બહાને મારી ટપાલ પણ મળે ને ટપાલીને 'ગુડ મૉર્નિંગ' પણ કહી શકાય. અમારે ત્યાંની વસ્તી એટલી ઓછી કે બીજા કોઈને હાય હલ્લો કરવાની મને કદી તક જ મળતી નહીં. બધા કાં તો કામ પર ગયા હોય, નહીં તો ઘરમાં ભરાઈ બેઠા હોય. ઍની વે, જો આ ચૂકી જવાતું તો ટપાલ લેવા બે કલાકનું તપ કરવું પડતું.

કેવું ઍબ્સર્ડ છે?

તને આમ ટપાલ લઈ લેતી જાણીને કિરીટે વાંધો ના ઉઠાવ્યો?

એને શંકા ના જાય એટલે હું એક કામ કરતી. જ્યારે મારી મમ્મીનો કે એવા કોઈનો ખાસ પત્ર હોય તો બધી ટપાલ અંદર લઈ લેતી. જો મારો કોઈ ખાનગી પત્ર હોય તો તે લઈ બાકીની ટપાલ ખાનામાં જ રાખી દેતી.

ને કિરીટને ત્યાંથી પત્ર હોય તો?

તો તે પણ ખાનામાં રહેતો. એને ઘેરથી આવતા બધા પત્રો વાંચવાની મને છૂટ નહોતી. આમ કરવાથી મને કમસે કમ ખબર પડતી કે પત્ર આવ્યો છે. મને વાંચવા તે દિવસે મળે કે બે દિવસ પછી મળે, કે ન પણ મળે.

આ તે કેવી વાત છે? ચાર ફેરા ફર્યા પછી પણ અવિશ્વાસ?

વિભા! ટેક ઇટ ઈઝી. એમના ઘરની કોઈ ખાનગી વાતો હોઈ શકે.

ડોન્ટ બી સિલી, ધવલ! એમ હોય તોય પોતાની વાઇફથી અજાણ્યું રાખવાનું? આ તે કંઈ રીત છે?